રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ સરકારી
સેવામાં અનામતની ટકાવારી નવેસરથી નક્કી
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પવસ/૧૦૯૮/પા.સ.૮/ગ-૪ (પાર્ટ-૧).
સચિવાલય, ગાંધીનગર.
તા. 07 -03-૨૦૧૭.

વંચાણે લીધાં:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૨/૦૪/૧૯૮૩નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૧૮૩/૮૨૫/ગ-3
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧/૦૧/૧૯૮૬નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૫૮૨/૫૭૧(૮)/ગ-3 (સાધવાણી).
(3) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫/૦૭/૧૯૮૯નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૧૮૯/૧૪૩૦/ગ.3.
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.30/૦૯/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૧૯૪/યુઓ-૧૨૫/ગ-૪.
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/03/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૬૯૬/૮૭૮/ગ-૪.
(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૦૮/૧૯૯૯નો પરિપત્ર ક્રમાંક:પવસ/૧૬૯૬/૮૭૮/ગ-૪.
(૭) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧/03/૨000નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૦૯૮/૧૭૩૦/ગ-૪.
(૮) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫/૦૯/૨000નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૬૯૬/૮૭૮-ભાગ-૨/ગ-૪.
(૯) સામાન્ય વહીવટ વિભાગનો તા.03/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૬૯૬/૮૭૮-ભાગ-૨/ગ-૪

॥ ઠરાવ ॥

સરકારી સેવામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે જગ્યાઓ અનામત રાખવા સંદર્ભે ઉપર વંચાણે લેધેલ ઠરાવોથી વખતો વખત સૂચનાઓ આપવામાં આવેલ છે. તદનુસાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે સીધી ભરતી તેમજ બઢતીમાં જગ્યાઓ અંનામત રાખવાની જોગવાઈ છે. જિલ્લા કક્ષાની વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામતની ટકાવારી વર્ષ ૧૯૮૬ માં નક્કી કરવામાં આવેલ હતી. ૧૯૯૧ ની વસતી ગણતરીના આધારે રાજ્ય કક્ષાની વર્ગ-૧,૨,૩ અને ૪ ની જગ્યાઓ તેમજ જિલ્લા કક્ષાની વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૩/૨000ના ઠરાવથી અનુસૂચિત જાતિ માટે ૭ ટકા તથા અનુસૂચિત જનજાતિ માટે ૧૫ ટકા જગ્યાઓ અનામત રાખવાનું ઠરાવેલ છે. જ્યારે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે સીધી ભરતીમાં ૨૭ ટકા જગ્યાઓ અનામત રાખવાનું ૧૯૯૪માં નક્કી કરવામાં આવેલ છે.

૨. રાજ્યમાં તાજેતરમાં નવા રચાયેલ જિલ્લાઓને ધ્યાનમાં લેતા તેમજ વર્ષ-૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતીની ટકાવારીને ધ્યાને લઈને રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ સરકારી સેવામાં અનામતની ટકાવારી નવેસરથી નક્કી કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પ્રસ્તુત બાબતમાં કાળજી પૂર્વકની વિચારણા બાદ અનામતની ટકાવારી નીચે દર્શાવ્યા મુજબ અમલમાં લાવવાનું સરકારશ્રી દ્વારા આથી ઠરાવવામાં આવે છે.

(૧) રાજ્ય અને જિલ્લા કક્ષાની જગ્યાઓ માટે અનામતની પ્રવર્તમાન ટકાવારી યથાવત રાખવામાં આવે છે.

(૨) નવો જિલ્લો જે જુના જિલ્લામાંથી છૂટો પડીને અસ્તિત્વમાં આવેલ છે તે નવા જિલ્લાએ જુના જિલ્લામાં સને ૧૯૮૬ના ઠરાવથી અને ત્યારબાદ ૧૯૯૪ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓમાં અનામતની ટકાવારીનું જે ધોરણ નક્કી કરવામાં આવેલ છે તે ટકાવારીનું ધોરણ અપનાવવાનું રહેશે.
દા.ત. નર્મદા જિલ્લો ભરુચ જિલ્લામાંથી છૂટો પડેલ છે આથી ભરુચ જિલ્લામાં અનામતની જે ટકાવારી છે તે ટકાવારી નર્મદા જિલ્લાએ જિલ્લા કક્ષાની ભરતીમાં લાગુ પાડવાની રહેશે.

(૩) કોઈ એક નવો જિલ્લો બે કે તેથી વધારે જિલ્લામાંથી અસ્તિત્વમાં આવેલ હોય તો તે નવા જિલ્લાનું મુખ્ય મથક જે જુના જિલ્લાનો અગાઉ ભાગ હતો તે જુના જિલ્લાની અનામતની ટકાવારી નવા જિલ્લાએ અપનાવવાની રહેશે.
ઉદાહરણ. બોટાદ જિલ્લો અમદાવાદ અને ભાવનગર જિલ્લામાંથી અસ્તિત્વમાં આવેલ છે. બોટાદ જિલ્લાનું મુખ્ય મથક બોટાદ છે જે અગાઉ ભાવનગર જિલ્લાનો ભાગ હતુ આથી બોટાદ જિલ્લાને ભાવનગર જિલ્લા મુજબ અનામતની ટકાવારી અપનાવવાની રહેશે.

૩. આ ઠરાવનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

જ.વા.ત્રિવેદી

(જ્વલંત ત્રિવેદી)
સંયુક્ત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશનો, જાહેર સાહસો, યુનિવર્સિટીઓ (સંબંધિત વહીવટી વિભાગો મારફત)
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
પસંદગી ફાઇલ.